ક્ર/૧૫૫૨૨
ગીતા૫

# જાહેરનામુ

ક્રમાંક વિશેષ શાખા /એ સેક્શન/મકરસંક્રાંતી /પરમીટ/૨૬/ ૨૦૧૩

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સીઆરપીસી ૧૪૪ મુજબ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ

વંચાણે લીધેલ:- સરકાર શ્રીના વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય ગાંધીનગર ના

તા: ૨૧.૧૦.૧૧ના પત્ર ક્રમાંક ઇએનવી/૧૦/૨૦૦૯/૪૦૦,ઈ

ઉત્તરાયણ તહેવાર દરમ્યાન સીન્થેટીક મટીરીયલ નાયલોન વિગેરેથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાડવામા આવતા પતંગોના કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ થતા હોઇ અને તેનાથી તેઓનુ મૃત્યુ પણ થતુ હોઇ આ અટકાવવુ જરૂરી જણાય છે. જેથી રાજ્ય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ તરફથી પત્રોમાં એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ ૧૯૮૬ની કલમ ૫ હેઠળ સુચનાઓ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત જાહેર રોડ ઉપર પતંગ ઉડાડવાથી વાહન ચાલકો તથા રાહદારીઓને પણ ઇજાઓ થવાની તથા અકસ્માત થવાથી લોકોની જીંદગી જોખમાંવવાની સંભાવના રહેલ છે.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનીયમની કલમ ૩૩ (W) (ii) આધારે મળેલ સત્તાની રૂએ હુ શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર આથી જાહેર હીતમાં હુકમ કરુ છુ કે નાયલોન દોરાથી પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવા કે તે હેતુથી તેવા દોરાનુ વેચાણ કરવા માટેનો તથા જાહેર રોડ ઉપર પતંગ ચગાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણ ના તહેવારને અનુલક્ષીને તા:૨૬.૧૨.૨૦૧૩ના કલાક 00.00 થી તા:૧૬.૦૧.૨૦૧૪ ના કલાક ૨૪.૦૦ સુધી ઉપરોક્ત પ્રતિબંધ ફરમાવુ છુ.

આ હુકમ નો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ ૧૧૩ ૧૧૭ અને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૮૬૦ નો અધિનીયમ - ૪૫ ) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા ને પાત્ર થશે .

હુ આથી આદેશ આપુ છે કે ઉપર જાહેર કરેલ વિસ્તારમાં લોકો જાણી શકે તેમાટે આ જાહેરનામાની જરૂરી પ્રેસ નોટ ઇસ્યુ કરવા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો ,દુરદર્શન , આકાશવાણી ,તેમજ ઇલેક્ટ્રીક મીડીયામાં પ્રસિધ્ધ તેમજ જાહેરાત કરાવવી આજ રોજ તા:૨૪/૧૨/૨૦૧૩ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અધિક સચિવ શ્રી ગુજરાત સરકાર ગૃહ વિભાગ ગાંધીનગર

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો..અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર

(૩) પો.મહાનિર્દેશક શ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર

(૪) મ્યુનિસિપલ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર

(૫) કલેક્ટર શ્રી અમદાવાદ

(૬) નિયામક શ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર

(૭) રજીસ્ટાર શ્રી હાઇકોર્ટ ગુ.રા.ગાંધીનગર

(૮) રજીસ્ટાર શ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી અમદાવાદ શહેર

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત પો.કમિ.શ્રી .ક્રાઇમ બ્રાંચ /સેક્ટર .૧.૨ ટ્રાફીક /મુખ્ય મથક અમદાવાદ શહેર

(૨) નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ થી ૬ તથા ટ્રાફીક , ક્રાઇમ, કંટ્રોલ , અમદાવાદ શહેર

(૩) મેનેજર શ્રી ગર્મેન્ટ પ્રેસ અને સ્ટેશન ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ

(૪) તમામ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રીઓ ટ્રાફીક , ક્રાઇમ એસઓજી, અમદાવાદ શહેર

(૫) સીનીયર સરકારી વકીલ શ્રી અમદાવાદ શહેર

(૬) જન સંપર્ક અધિકારીશ્રી ( સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા

(૭) તમામ પો.ઇન્સ .શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જ્ગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ

(૮) પોલીસ.ઇન્સ .શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૯) પોલીસ સબ ઇન્સ. શ્રી સાબરમતી રેલ્વે .પો.સ્ટે.